# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATUDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે , જ્યારે આપણે વિશ્વ સાથે સ્પર્ધા કરતા હોઈએ ત્યારે વસ્તુની ગુણવત્તા પર ભાર મૂકવો જ પડે.**
2. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે નવી દિલ્હીના ગુજરાત ભવનમાં ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે.**
4. **પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનો પરથી એક લાખ 65 હજારથી વધુ યાત્રાળુઓએ મહાકુંભ વિશેષ ટ્રેનો દ્વારા મુસાફરી કરી.**
5. **જૂનાગઢમાં ભવનાથ તળેટીમાં આજથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GNR UDYOG SAHSIKATA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે જ્યારે આપણે વિશ્વ સાથે સ્પર્ધા કરતા હોઈએ ત્યારે વસ્તુની ગુણવત્તા પર ભાર મૂકવો જ પડે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતેના ઉદ્યોગ સાહસિકતા સન્માન કાર્યક્રમમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. શ્રી પટેલે ઉમેર્યું કે દેશના કુલ GDPમાં ગુજરાતનું યોગદાન 8.3% છે , અને તેને વર્ષ 2030 સુધીમાં 10 ટકા સુધી લઇ જવાનું ગુજરાતનું લક્ષ્ય છે.

આ કાર્યક્રમમાં શ્રી પટેલના હસ્તે 3 હજાર 600 કરોડ રૂપિયાથી વધુના લાભોનું વિતરણ કરાયું. દરમિયાન GIDCના 480 કરોડ રૂપિયાના 5 પ્રોજેક્ટ્સનું ઇ-લોકાર્પણ પણ કરાયું.

આ પાંચ પ્રોજેક્ટ્સ સાણંદ-2 ઔદ્યોગિક વસાહત ખાતે સ્માર્ટ માળખાકીય સુવિધાઓના વિકાસકામો, પખાજણ ખાતે સ્થાપિત SEZ ઔદ્યોગિક વસાહત માટે ગંદા પાણીના નિકાલ માટેની પાઇપલાઇનનું કામ , પખાજણ ખાતે સ્થાપિત SEZ ઔદ્યોગિક વસાહત માટે રોડ અને સ્ટ્રીટ લાઇટનું કામ, પોરબંદર ઔદ્યોગિક વસાહત ખાતે આંતરમાળખાકીય સુવિધાઓના નવીનીકરણનું કામ અને બનાસકાંઠામાં મુડેઠા ખાતે એગ્રો ફૂડ પાર્કના કામનો સમાવેશ થાય છે.

શ્રી પટેલે 250 કરોડ રૂપિયાની ખનીજ કિંમતના 5 માઇનિંગ લીઝના મંજૂરીપત્રો એનાયત કરી ગુણવત્તા રથને લીલી ઝંડી આપી હતી.

ગઈકાલથી શરૂ થયેલી આ ગુજરાત ગુણવત્તા યાત્રા લગભગ 50 દિવસ સુધી ચાલશે અને રાજ્યના 33 જિલ્લાઓને આવરી લેશે.

# CM MATRUBHASHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, બાળક અંગ્રેજીની સાથે ગુજરાતી ભાષાનું પણ મહત્વ સમજે તે જરૂરી છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત સાહિત્ય ગૌરવ પુરસ્કાર સમારોહમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે ઉમેર્યું કે આજના યુવાનોમાં સાહિત્ય ક્ષેત્રમાં રસ ઘટતો જઈ રહ્યો છે ત્યારે નવી પેઢી સુધી માતૃભાષાનો વારસો પહોંચાડવાનું કાર્ય આપણી જવાબદારી છે.

## બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી

# AMIT SHAH SAMVAAD

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે નવી દિલ્હીના ગુજરાત ભવનમાં ડાંગ જિલ્લાના સંતોકબા ધોળકિયા વિદ્યા મંદિરના ગ્રામીણ અને આદિવાસી સમુદાયના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો.

શ્રી શાહે કહ્યું કે વિદ્યાર્થીઓ દેશની પ્રગતિનો પાયો છે અને તેમની મહેનત અને સમર્પણ ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે. વિદ્યાર્થીઓને ડોક્ટર, એન્જિનિયર અને સિવિલ સર્વન્ટ જેવી કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરતા તેમણે જણાવ્યું કે જો તમે દેશના વિકાસને તમારું લક્ષ્ય બનાવશો , તો તમારો વ્યક્તિગત વિકાસ સ્વાભાવિક રીતે સુનિશ્ચિત થશે અને તેથી , તમારો મૂળ ઉદ્દેશ્ય દેશના વિકાસ માટે કામ કરવાનો હોવો જોઈએ.

આ કાર્યક્રમ ગ્રામીણ અને આદિવાસી સમાજના આ બધા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત સાબિત થયો એટલું જ નહીં , પરંતુ આ દ્વારા તેમને દેશના ગૃહ મંત્રી સાથે ખુલીને વાત કરવાની તક પણ મળી.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત ' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 119મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# AHMEDABAD NAGAR YATRA

આગામી 26મી ફેબ્રુઆરીએ અમદાવાદનો સ્થાપના દિવસ છે. ત્યારે આ વર્ષે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા સ્થાપનાદિનની ઉજવણી નગરદેવી ભદ્રકાળીની યાત્રા દ્વારા કરાશે. આ માટે મહાનગર પાલિકા અને ભદ્રકાળી માતાના મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન કરાયું છે.

આ અંગે અમદાવાદ મેયરની ઉપસ્થિતીમાં પત્રકાર પરિષદનું આયોજન કરાયું હતું. જેમાં રામબલી પ્રયાગ તિવારી ટ્રસ્ટના અધ્યક્ષ શશીકાંત તિવારીએ જણાવ્યું હતું કે આ નગર યાત્રા ભદ્રકાળી મંદિરથી જગન્નાથમંદિર સુધી યોજાશે. જેમાં માતાજીની પાદૂકા રથમાં મૂકીને આ યાત્રા યોજાશે.

( બાઇટ- શશીકાંત તિવારી,રામબલી પ્રયાગ તિવારી ટ્રસ્ટના અધ્યક્ષ)

# MAHAKUMBH SPECIAL TRAIN

પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનો પરથી 1 લાખ 65 હજારથી વધુ યાત્રાળુઓએ કુંભ વિશેષ ટ્રેનો દ્વારા મુસાફરી કરી છે.

યાત્રાળુઓના ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનો અમદાવાદ, સાબરમતી, મુંબઈ સેન્ટ્રલ , વાપી, વલસાડ, ઉધના, વડોદરા, વિશ્વામિત્રી, ભાવનગર, રાજકોટ, ઇન્દોર વગેરે પરથી 125 ટ્રીપ ખાસ ટ્રેનો ચલાવી રહી છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું કે આ વિશેષ ટ્રેનો પ્રયાગરાજ તેમજ નજીકના અન્ય રેલ્વે સ્ટેશનો સુધી દોડાવવામાં

આવી રહી છે , જેમાં હજારો શ્રદ્ધાળુઓ કુંભ મેળા સુધી પહોંચવા માટે સેવાઓનો લાભ લઈ રહ્યા છે.

# JUNAGADH BHAVNATH MELO

જૂનાગઢમાં ભવનાથ તળેટીમાં આજથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે. આજે સવારે 9:00 કલાકે જિલ્લા કલેક્ટર અનિલ કુમાર રાણાવાસ્ય વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં ભવનાથ શિખરે ધ્વજારોહણ કરી મેળાનો પ્રારંભ કરાવશે.

જૂનાગઢના અમારા પ્રતિનધિ સંજીવ મહેતા જણાવે છે કે આ મેળામાં સાધુ સંતોનું આગમન થઈ ગયું છે તો દિગંબર સાધુઓ પણ ભવનાથ પહોંચ્યા છે. મેળામાં આવતા યાત્રીઓની સુખાકારી માટે વિવિધ અન્નક્ષેત્રોમાં પ્રસાદ વિતરણ શરૂ કરાયું છે .    26  ફેબ્રુઆરી સુધી ચાલનાર આ મેળામાં ભજન ભક્તિ અને ભોજનનો ત્રિવેણી સંગમ જોવા મળશે.

# JUNAGADH SPECIAL TRAIN

જૂનાગઢમાં યોજાઈ રહેલા  “મહાશિવરાત્રી મેળા” નિમિત્તે મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટ ડિવિઝનમાંથી વેરાવળ-ગાંધીગ્રામ વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત  ટ્રેન નંબર 09568 વેરાવળથી રાત્રે 9.20 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે    8.00 કલાકે ગાંધીગ્રામ પહોંચશે.   ટ્રેન નંબર 09567 ગાંધીગ્રામથી સવારે 10.10 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે સાંજે

5.40 વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન ઉપરોક્ત સમય મુજબ 24 ફેબ્રુઆરીથી 28 ફેબ્રુઆરી સુધી દરરોજ ચાલશે.

ટ્રેન નંબર 09568 અને 09567 માટે ટિકિટ બુકિંગ આજથી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. આ ટ્રેનોના સ્ટોપેજ , રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો વેબસાઇટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# PORBANDAR AIRPORT

પોરબંદર હવાઈમથક આગામી ત્રણ વર્ષમાં ફરી ધમધમતું થઇ જશે. તાજેતરમાં એરપોર્ટનો રન-વે મોટો કરવા હવાઈમથકના નવીનીકરણનો પ્રોજેકટ અમલમાં મુકાયો છે. જે અંતર્ગત એરપોર્ટ પર નવો એપ્રેન , નવા હેન્ગર, પાર્કીંગ વે, ટેક્ષી વે, એરક્રાફટ ડોક, ટર્મીનલ અને કાર્ગો એપ્રેન પણ બનશે.

ઉલ્લેખનીય છે કે , ત્રણ વર્ષ અગાઉ રન-વે નાનો હોવાથી આ હવાઈમથક નાગરિક ઉડયન માટે બંધ કરી દેવાયુ હતું. જોકે આગામી સમયમાં આ હવાઈ મથકનું નવીનીકરણ થતાં મોટા નાગરિક વિમાનો ઉડાન ભરશે. આ અંગે વધુ માહિતી આપતા પોરબંદર હવાઈ મથકના વરિષ્ઠ અધિકારી રવિ મીણાએ આ મુજબ જણાવ્યું.

## બાઇટ – રવિ મીણા (સીનીયર મેનેજર, પોરબંદર એરપોર્ટ)

# DAMAN PM KAUSHALYA

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં મહિલાઓ માટે નિ:શુલ્ક ડ્રાઇવિંગ ક્લાસીસ શરૂ કરાયા છે. દમણના અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ શરૂ કરાયેલા આ અભિયાનમાં , પ્રથમ બેચ 25 મહિલાઓ જોડાઈ. આ વિશે તાલીમ આપતી સંસ્થાના સંચાલક વિશાલ ટંડેલે વધુ માહિતી આપી.

## બાઈટ : વિશાલ ટંડેલ – સ્ટેપ અપ ફાઉન્ડેશન

# AMC PROPERTY TAX

અમદાવાદના દક્ષિણ અને પશ્ચિમ ઝોન વેરા વસુલાત ખાતા તરફથી મિલ્કતોના બાકી વેરાને લઈને જુદા જુદા વિસ્તારમાં આવેલ કુલ ૫૪૭ કોમર્શિયલ મિલ્કતોને સીલ કરવામાં આવી હતી.

વેરા વસુલાત ઝુંબેશ અંતર્ગત ગઈકાલે સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં ૯૬ લાખ ૧૮ હજાર રૂપિયાનો વેરો વસૂલ્યો તેમજ રહેણાંક મિલ્કતોના મોટા બાકીદારોની મિલ્કતોના પાણી-ડ્રેનેજ કનેકશન કાપવામાં આવશે. બિન ગંભીર ડિફોલ્ટરો સામે પ્રોપર્ટી હરાજી કરવા સુધીની પ્રક્રિયા પણ કરવામાં આવશે. જેથી કરદાતાઓએ બાકી વેરાની રકમ તાત્કાલીક ભરવા સૂચના અપાઈ છે.

# DIU NCC SAMUDRA MANTHAN

દીવ ખાતે એનસીસી ગુજરાત દ્વારા આયોજીત બાર દિવસીય સૌરાષ્ટ્ર સમુદ્ર મંથન કેમ્પ 2025નું સમાપન થયું. આ કેમ્પ 12 ફેબ્રુઆરી પોરબંદર થી શરૂ થયો હતો.

એનસીસી કેડટસ સમુદ્ર મારફતે 220 કિ.મીનો પ્રવાસ કરી દીવ પહોંચ્યા હતા. આ કેમ્પમાં કુલ 75 એનસીસી કેડટસ અને નેવલ એનસીસી કેડટસ એ ભાગ લીધો હતો.

આ કેમ્પ દરમિયાન દરેક કોસ્ટલ વિસ્તારમાં જઈ એનસીસી સહિત વિવિધ આમ ફોર્સ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. આ કેમ્પ દરમિયાન કેડેટસને પણ ઇન્ડસ્ટ્રીયલ ઓર્ગેનાઈઝેસન સહિત અનેક જાણકારી આપવામાં આવી હતી.